# 23

## વાઈલ્ડ લાઈફ કેર સેન્ટરમાં ડૉક્ટરોની જગ્યાઓ

***15/4/212 શ્રી અનંતકુમાર હસમુખભાઇ પટેલ (વાંસદા): માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-**

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં વાઈલ્ડ લાઈફ કેર સેન્ટરમાં કેટલા ડૉક્ટરો કાયમી છે, કેટલા કરાર આધારિત છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, | (૧) | નીચે મુજબ |

કાયમી જગ્યાઓ

| અ.નં. | જિલ્લાનું નામ | મંજુર થયેલ કાયમી જગ્યા | ભરાયેલ કાયમી જગ્યા | ખાલી કાયમી જગ્યા |
|---|---|---|---|---|
| ૧ | ભાવનગર | ૭ | ૧ | ૬ |
| ૨ | જુનાગઢ | ૬ | ૨ | ૪ |
| ૩ | ગીર સોમનાથ | ૧ | ૦ | ૧ |
| ૪ | અમરેલી | ૪ | ૧ | ૩ |

કરારથી નિમવામાં આવેલ ડૉકટરોની વિગત

| અ.નં. | જિલ્લાનું નામ | કોન્ટ્રકટ/કરારથી નિમેલ ડૉકટરોની સંખ્યા |
|---|---|---|
| ૧ | પોરબંદર | ૧ |
| ૨ | ભાવનગર | ૨ |
| ૩ | જુનાગઢ | ૫ |
| ૪ | ગીર સોમનાથ | ૨ |
| ૫ | અમરેલી | ૧ |
| ૬ | મોરબી | ૧ |
| ૭ | બનાસકાંઠા | ૧ |

(૨) ઉક્ત ડૉક્ટરોની જગ્યાઓ કાયમી ભરતી કરવાના બદલે કોન્ટ્રાક્ટ/કરારથી ભરવાના શા કારણો છે, અને

(૨) વેટરનરી ઓફિસર (પશુ ચિકિત્સા અધિકારી) વર્ગ-૨ની સીધી ભરતીની પ્રક્રીયા પૂર્ણ થાય ત્યા સુધી વન્યપ્રાણીઓના રેસ્ક્યુ, સારવાર, જાળવણી વિગેરે કામોની અગત્યતા ધ્યાને લેતા કોન્ટ્રાક્ટ / કરારથી જગ્યાઓ ભરવામાં આવે છે.

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

(૩) ઉપરોક્ત વિગતે સીધી ભરતી પ્રક્રીયા પૂર્ણ થયેથી આ જગ્યાઓ ભરી શકાશે.

---------